# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-08-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

## PM ADDRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 79મા સ્વતંત્રતા દિવસ નિમિત્તે દિલ્હીમાં લાલકિલ્લાની પ્રાચિરથી દેશવાસીઓને સંબોધિત કર્યા. શરૂઆતમાં તેમણે કહ્યું, સ્વતંત્રતાનો આ પર્વ 140 કરોડ લોકોના સંકલ્પનો પર્વ છે. તેમણે દેશને દિશા અને

માર્ગ બતાવનારા બંધારણના ઘડવૈયાઓને નમન કર્યું. શ્રી મોદીએ કહ્યું, 15 ઑગસ્ટે લાલ કિલ્લાની પ્રાચિરથી ઑપરેશન સિંદૂરના વીર જવાનોને સલામી આપવાની તેમને તક મળી છે.

( BYTE: PM MODI ) OP SINDOOR

શ્રી મોદીએ આજથી પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના લાગૂ કરવાની પણ જાહેરાત કરી.

( BYTE: PM MODI ) PM YUVA ROJGAR YOJNA

પ્રધાનમંત્રીએ કહ્યું, આ દિવાળીએ દેશવાસીઓને મોટી ભેટ મળવાની છે. તેમણે કહ્યું, તેઓ આગામી પેઢી માટે વસ્તુ અને સેવા કર- GST સુધારા લઈને આવી રહ્યા છે.

( BYTE: PM MODI) GST BYTE

પ્રધાનમંત્રીએ ઊર્જા ક્ષેત્રમાં ભારતે આત્મનિર્ભર બનવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. શ્રી મોદીએ કહ્યું, આ વર્ષના અંત સુધીમાં ભારતમાં બનેલી સેમિ—કન્ડક્ટર ચિપ બજારમાં ઉપલબ્ધ થશે.

# PORBANDAR INDEPENDENCE DAY

ઐતિહાસિક શહેર પોરબંદરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 79મા સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી , શ્રી પટેલે દેશભક્તિના ઉત્સાહ સાથે રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. આ પ્રસંગે શ્રી પટેલે શહેરી વિકાસ વર્ષમાં નાના નગરોના પણ સુનિયોજિત વિકાસ માટે 100થી વધુ ટાઉન પ્લાનિંગ એટલે કે , નગર આયોજનની યોજના મંજૂર કરવાની જાહેરાત કરી. એક લાખ સુધીની વસતિ ધરાવતા 55 નગરો માટે GIS આધારિત વિકાસ આયોજન તૈયાર કરાશે. ગ્રામ્ય વિસ્તારનો સુનિયોજિત

વિકાસ કરવા મુખ્યમંત્રી ગ્રામોદ્યાન યોજના શરૂ કરાશે. ઉપરાંત નગરપાલિકામાં ભળી ન હોય તેવી ગ્રામ પંચાયતોના સર્વાંગી વિકાસ માટે પણ 100 કરોડ રૂપિયાની જોગવાઈ સાથે પાંચ વર્ષ માટે આ યોજના શરૂ કરાશે. શ્રી પટેલે કહ્યું , આગામી સમયમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતોની યજમાની ગુજરાતનાં શહેરો કરવાના છે. આ માટે ઉચ્ચકક્ષાનું સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યા છીએ.

(બાઇટ : CM PATEL SPORTS INFRASTRUCTURE)

આ પ્રસંગે શ્રી પટેલે દેશની આઝાદી માટે શહીદ થયેલા લોકો અને સ્વાતંત્ર્ય સેનાનીઓને વંદન કર્યા. આ કાર્યક્રમમાં પોલીસ કર્મચારીઓ દ્વારા અદભુત પ્રદર્શનો અને ભારતની વિવિધતા અને ભાવનાને પ્રતિબિંબિત કરતા સાંસ્કૃતિક પ્રદર્શનોના જીવંત પ્રદર્શન દ્વારા ચિહ્નિત કરવામાં આવ્યું હતું.

# DISTRICT INDEPENDENCE DAY

રાજ્યના વિવિધ જિલ્લામાં આજે સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી. નવસારીના બિલિમોરા ખાતે જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં નાણાંમંત્રી કનુ દેસાઇએ પરેડની સલામી ઝીલી. જામનગરમાં સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં કેબિનેટ મંત્રી રાઘવજી પટેલે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી. કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતની ઉપસ્થિતિમાં વલસાડમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી.

જ્યારે રાજકોટના તરઘડી ખાતે કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં સ્વાતંત્ર્ય પર્વની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શ્રીમતી બાબરિયાએ જણાવ્યુ કે, જિલ્લામાં વધુ બે સમરસ છાત્રાલય બનાવવામાં આવશે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી ગાંધીનગર રામકથા મેદાન ખાતે સ્વતંત્ર પર્વની ઉજવણીમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે તેમણે કહ્યું , 500 કરોડ રૂપિયાના ખર્ચે રાજ્યમાં દેશનું

પહેલું સાયબર યુનિટ રચાશે. તાપી જિલ્લાના વ્યારા ખાતે મંત્રી કુંવરજી હળપતિએ ધ્વજવંદન કર્યું.

# LOKMELA

રાજ્યના વિવિધ જિલ્લામાં સાતમ આઠમના લોકમેળા શરૂ થયા છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમીના તહેવારોમાં લોકમેળા યોજાતા હોય છે ત્યારે રાજકોટના રેસકોર્સ મેદાનમાં પાંચ દિવસના “શૌર્યનું સિંદૂર” લોકમેળાનો પ્રારંભ થયો. તેમાં ખાણીપીણીની નાની છ અને મોટી 46 જેટલી હાટડી ઊભી કરાઇ. જ્યારે સુરેન્દ્રનગર જિલ્લામાં ચાર દિવસના “સુરેન્દ્રનગર અને વઢવાણ લોકમેળા"નું ઉદ્ઘાટન થયું. જ્યારે મોરબીમાં મચ્છુ નદીના કાંઠે શીતળા માતાજીના મંદિરે આજે મેળો ભરાયો. જેમાં બાળકોને દર્શન કરાવીને માનતા પૂરી કરતી મહિલાઓની ભીડ જામી.